વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

JUNE- 2026

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# તને શેની જરૂરત લાગી છે ?!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



મુમુક્ષુ : અવલોકન કરવા માટે એકાંતમાં બેસીએ તો..

પૂજ્ય ભાઈશ્રી : હા, એ ઠીક છે. પણ માત્ર એકાંતમાં બેસીને જ અવલોકન કરવું ને પછી એ દુર્લક્ષ થઈ જાય, એ ખ્યાલ ન રહે એમ નહીં થવું જોઈએ. અવલોકન કરવા માટે એકાંતમાં બેસવું ઠીક છે. એને સ્વરૂપનું ચિંતવન કરવા માટે, એનો નિર્ણય ને ઓળખાણ કરવા માટે બેસવું એ ઠીક વાત છે. એ ધ્યાનમાં બેઠા ન કહેવાય. ધ્યાન તો એકાગ્રતાનો પ્રયત્ન ને પુરુષાર્થ છે. સ્વરૂપ વિચારણા કરવા એકાંત પકડવું એ ઠીક છે કે બીજા કાર્યોથી, બાહ્ય કાર્યોથી નિવૃતિ લઈને. પણ એમાં પણ પ્રવૃત્તિ કાળે પછી વિષય સાવ અદ્ધર રહી જાય, ઉદયકાળે બધું અદ્ધર રહી જાય એમ થવું જોઈએ નહીં. એટલી જાગૃતિ રાખીને આ પ્રવૃત્તિ થાય. નહીંતર શું થશે કે ચાલો એક કલાક કે બે કલાક એકાંતમાં બેસીને તત્ત્વનું ચિંતવન કે તત્ત્વના વિચાર કે એવું તો કાંઈક કર્યું ને! કાંઈક તો કર્યું ને! આત્મા માટે તો કાંઈક કર્યું ને! હવે કરો સંસારનું અથવા હવે આ બધું કામ માથે છે એ બધું પતાવો અને એમાં ઓતપ્રોત થઈ જાય, તો કામની એ પદ્ધતિ પણ બરાબર નથી. એટલે અવલોકન છે એ પણ સતત રહે એ જરૂરી છે.

મુમુક્ષુ : ધંધાના વિચાર કરવા હોય તો એમાં એકાંતમાં જવું પડતું નથી. ઘોંઘાટમાં પણ એકાગ્ર થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી : હાલતા, ચાલતા, માંદો હોય, વેદના હોય તોપણ બધા વિચાર કરે. ઠીક! ત્યાં એને વ્યાધિ પણ નડતી નથી.

મુમુક્ષુ : એમાં એકાંત ગોતવું પડતું નથી. મારું કહેવાનું એમ છે કે તત્ત્વવિચાર કે આત્મવિચારમાં એકાંત હોવું જ જોઈએ એમ નથી. પોતાને રસ લાગે એટલે ગમે તે..

પૂજ્ય ભાઈશ્રી : ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં એને એ જ ચાલે. એ જ ચાલે એને. તો એની રુચિ બરાબર છે.

મુમુક્ષુ : આમાં **practice** છે ને ભાઈ! અનાદિકાળનો રીઢો થઈ ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી : હા, એ તો સીધી વાત છે. **practice** છે અને બીજું શું છે કે જરૂર લાગી છે. જરૂર બહુ ખરાબ ચીજ છે. મને પૈસાની જરૂર છે તો ધંધાના વિચાર, પૈસા પ્રાપ્ત કરવા માટે કોઈ ધંધો, પ્રક્રિયા, એના વિચાર ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં કરવાનો જ છે. કેમકે એને જરૂર લાગી છે. અહીંયાં જરૂર લાગી છે કે નહીં આ મૂળ વાત છે. જેની જરૂર લાગે, તદ્દ્સંબંધી પુરુષાર્થ રોકયો રોકાય નહીં. આ તો સર્વ સાધારણ અનુભવગોચર વિષય છે. એટલે એણે પોતાના આત્માને પહેલાં પૂછવું કે તને કેટલીક જરૂર છે?


(અનુસંધાન પાના નં. ૧૫ પર.. )

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૪૨, વર્ષ–૨૮, જૂન–૨૦૨૬


## કહાનરત્ન કિરણો !!

**– અધ્યાત્મ યુગસૃષ્ટા**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**
**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**



પ્રશ્ન :- ઘણા વખતથી તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી?

ઉત્તર :- આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ. જગતના પદાર્થોનો રસ ફીકો લાગે, સંસારના રાગનો રસ ઉડી જાય. અહો! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધુન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહીં. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદ સ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, તેને આત્મા પ્રાપ્ત થાય જ. ૩૭૫.

*

જેને આત્માના સ્વરૂપની રુચિ થઈ છે તેને શુભરાગ આવે છે, પણ તેને રાગની વિરક્તિનો વૈરાગ્ય હોય છે અને આત્માના અસ્તિ તરફનો શાંત ઉપશમ રસ હોય છે. રાગ હોવા છતાં રાગથી અંશે છૂટો પડ્યો છે એટલો ઉપશમ રસ છે. જેને આત્માની ખરી રુચિ નથી તેના શુભ ભાવો લૂખા ને ચંચળતા વાળા હોય છે. પોતાના સ્વભાવનું આશ્ચર્ય અને મહિમા ન આવે અને બીજા પદાર્થોનું આશ્ચર્ય ને મહિમા આવે છે તેના શુભભાવો લૂખા ને ચંચળતા વાળા હોય છે. ૩૭૬.

*

અરે ભાઈ! તું ક્યાં રોકાઈ ગયો? બહારમાં ને બહારમાં રોકાઈ ગયો ત્યાં આત્મપ્રાપ્તિ ક્યાંથી

થાય? જેમ ઘરમાં આનંદનો પ્રસંગ હોય ને કોઈ માણસ સાંજ સુધી ઘરે ન આવે તો વડીલો કહે કે અરે ભાઈ! તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો? તેમ શ્રીગુરુ કહે છે કે અરે ભાઈ! આ પરમાનંદના ધામરૂપ આત્મામાં તું આવ્યો નહીં ને બહાર ને બહારમાં ક્યાં રોકાઈ ગયો? કેટલાક તો સંસારના પાપના કામોમાં રોકાઈ રહે છે ને ત્યાંથી નીકળે તો શુભરાગના કામમાં બહારમાં ને બહારમાં રોકાઈને પોતાના ભગવાનને ભૂલી જાય છે. પોતાની અંદર પરમાત્મા બિરાજે છે ત્યાં આવતો નથી તેને શ્રીગુરુ ઓલંભો આપી કરુણાથી અંદર બોલાવે છે. ૩૭૭.

*

ભાઈ! બધું આત્મામાં ભર્યું છે, બહારમાં કાંઈ નથી. આત્મામાં જ્ઞાન ને સુખ ભર્યાં છે ત્યાં જો, ત્યાં નજર કર, તો તને જ્ઞાન ને સુખ મળશે. બહારમાં ક્યાંય સુખ નથી. અરે! એક છોકરો મરી જાય પછી ઘરના રોવે છે કે અરે! દીકરા! તારા વિના આ મહેલ ને મકાનો સ્મશાન જેવા લાગે છે. તેમ ભાઈ! આત્માને જાણ્યા વિના બહારમાં બધું સ્મશાન જેવું છે. ૩૭૮.

*

પોતાને કેવળજ્ઞાન પ્રગટ કરવું એ તો જીવનો સ્વભાવ છે. એ ન થઈ શકે તેમ ન માન! કેવળજ્ઞાન પ્રગટ કરવું તે અઘરું પડે તેમ ન માન. જીવને પરમાણુ બનાવવો હોય તો તે ન થઈ શકે. અરે! રાગને કાયમ રાખવો હોય તો તે કાયમ રહી ન શકે, પણ શુદ્ધતા પ્રગટ કરવી તે તો જીવનો સ્વભાવ છે. એ કેમ ન થઈ શકે? તે કેમ અઘરું પડે? જીવમાં ઠરવું, શુદ્ધતા પ્રગટ કરવી એ તો જીવનો સ્વભાવ હોવાથી થઈ શકે છે. માટે ન થઈ શકે એવી માન્યતાનું શલ્ય છોડી દે! ૩૭૯.

*

આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટ ઝટ મારું કામ કરવું છે. સ્વભાવમાં હઠ કામ ન આવે. માર્ગ સહજ છે, હઠથી, ઉતાવળથી, અધીરજથી માર્ગ હાથ આવતો નથી. સહજ માર્ગને પહોંચવા માટે ધીરજ ને વિવેક જોઈએ. ૩૮૦.

*

પ્રશ્ન :- આ આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય?

ઉત્તર :- એને યોગ્ય પુરુષાર્થ જોઈએ. અંદરમાં અપાર શક્તિ પડી છે. તેનું મહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ છે જ. અપ્રગટ તો પર્યાયની અપેક્ષાએ કહેવાય છે. આમ તો વસ્તુ પ્રગટ જ છે, કાંઈ આડું ઢાંકણું નથી. પ્રથમ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઈએ. ભાન થાય તો મહાત્મ્ય આવે એમ નહીં, કેટલાક એમ લઈ લ્યે છે, પણ પહેલા મહાત્મ્ય આવે તો મહાત્મ્ય આવતાં ભાન થાય એમ છે. ૩૮૧.

*

આત્માને ઓળખાવવા જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે. કારણ કે જ્ઞાન તે પ્રગટ અંશ છે અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો આકુળતા છે, તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે. (દ્રવ્ય ગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે). આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો મૂળ હેતુ તો આ છે. ૩૮૨.

*

(પરસન્મુખ જ્ઞાનમાં થતું પરલક્ષ છોડાવવા અને પોતાનું સ્વરૂપઅસ્તિત્વ વેદ્ય-વેદકપણે જાણવા યોગ્ય છે. તે ન્યાયે...) જ્ઞેય-જ્ઞાયક સંબંધી પણ જીવને ભ્રાંતિ રહી જાય છે કે છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે. પરંતુ જીવથી ભિન્ન પુદ્‌ગલ આદિ છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે એમ નિશ્ચયથી નથી. અરે! રાગ તે જ્ઞેય ને આત્મા જ્ઞાયક એમ પણ (પર સન્મુખપણે) નથી. પરદ્રવ્યોથી લાભ તો નથી પણ પરદ્રવ્યો જ્ઞેય ને તેનો તું જાણનાર છો એમ પણ ખરેખર નથી. હું જાણનાર છું, હું જ જણાવા યોગ્ય છું, હું જ મને જાણું છું. પોતાના અસ્તિત્વમાં જે છે તે જ સ્વજ્ઞેય છે એમ પરમાર્થ બતાવીને પર તરફનું લક્ષ છોડાવ્યું છે. ૩૮૩.

*

પોતાની અપેક્ષાએ બીજા દ્રવ્યો અસત્ છે. પોતે જ સત્ છે. પોતે જ પોતાનો જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાનરૂપ સત્ છે. માટે પોતાના સત્‌નું જ્ઞાન કરવું. પોતાના સત્‌નું જ્ઞાન કરતાં અતીન્દ્રિય આનંદની ઝલક આવ્યા વિના રહે જ નહીં, અને આનંદ ન આવે તો તેણે પોતાના સત્‌નું સાચું જ્ઞાન કર્યું જ નથી. મૂળ તો અંતરમાં વળવું એ જ આખા સિદ્ધાંતનો સાર છે. ૩૮૪.

*

ભલે જીવ તથા રાગ ભિન્નપણે રહીને એકક્ષેત્રે રહે પણ બન્ને કદી પણ એકરૂપ થયા નથી ને થઈ શકતા નથી. માટે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા. પ્રભુ! તારી ચીજ કદી રાગરૂપે થઈ નથી માટે તું તારું ચિત્ત ઉજ્જ્વળ કરીને, સાવધાન થઈને રાગથી ભિન્નપણે આનંદસ્વરૂપનો અનુભવ કર. પ્રસન્ન થઈને ભેદજ્ઞાન પૂર્વક આ સ્વદ્રવ્ય તે જ મારું છે એમ અનુભવ કર. ૩૮૫.

*

આ આત્મા છે તે જ્ઞાયક અખંડ સ્વરૂપ છે. તેમાં રાગ, કર્મ કે શરીર તો તેના નથી પણ પર્યાયમાં ખંડખંડ જ્ઞાન છે તે પણ તેનું નથી. જડ-ઈન્દ્રિય તો તેના નથી પણ ભાવ-ઈન્દ્રિય ને ભાવ-મન પણ તેના નથી. એક એક વિષયને જાણતી જ્ઞાનની પર્યાય છે એ ખંડખંડ જ્ઞાન છે. એ પરાધીનતા છે, પરવશતા છે, એ દુઃખ છે. ૩૮૬.

*

જ્ઞાયકસ્વભાવનું જ્યાં અંતરમાં ભાન થયું, જાણનારો જાગીને ઊઠ્યો કે હું તો એક જ્ઞાયકસ્વરૂપ છું – એમ જ્યાં અનુભવમાં આવ્યું ત્યાં જ્ઞાનધારાને કોઈ રોકી શકતું નથી. ગમે તેવો રોગ આવે પણ એ તો શરીરમાં છે, એ ક્યાં આત્મામાં છે? રોગ છે તેને આત્માએ જાણ્યો છે પણ એમાં ભળીને આત્માએ જાણ્યું નથી. ૩૮૭.

*

દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્મા પ્રાપ્ત થતો નથી પણ જે ચીજ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમે તે આત્મા છે એમ વ્યવહાર વડે પરમાર્થને સમજી શકાય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રનું આલંબન કરાવ્યું નથી પણ પરમાર્થનું આલંબન કરાવ્યું છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા એમ કહીને ભેદ વડે અભેદને બતાવ્યો છે. ભેદ દ્વારા બતાવ્યો ત્યાં ભેદનું આલંબન નથી કરાવ્યું પણ ભેદનું આલંબન છોડાવીને અભેદ આત્માનું

આલંબન કરાવ્યું છે - એમ સમજવું. ૩૮૮.

*

અહીં તો જે જ્ઞાન આત્માના લક્ષે થાય તેને જ જ્ઞાન કહે છે. જે જ્ઞાન ઇન્દ્રિયના લક્ષે થાય છે, શાસ્ત્રના લક્ષે થાય છે તેને જ્ઞાન કહેતાં નથી. ત્રિકાળી જ્ઞાયક ભગવાનના આશ્રય વિના અગિયાર અંગના જ્ઞાનને પણ જ્ઞાન કહેતાં નથી. એ ખંડખંડ જ્ઞાન છે તે દુઃખનું કારણ છે. ચૈતન્યજ્ઞાનપિંડને ધ્યેય બનાવીને જે જ્ઞાન થાય તે જ્ઞાન ભલે થોડું હોય તોપણ તે સમ્યગ્જ્ઞાન છે. એવા આત્મજ્ઞાન વિનાના ખંડખંડજ્ઞાનથી હજારો માણસોને સમજાવતાં આવડે તોપણ તે જ્ઞાન અજ્ઞાન છે. ને તે ખંડખંડજ્ઞાન પરવશ હોવાથી દુઃખ છે. પરસત્તાવલંબી જ્ઞાનને જ્ઞાન કહેતાં નથી. ૩૮૯.

*

અહો! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણનો અંત નથી - એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપ જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીર સ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાંસુધી ખરો મહિમા આવે નહિ, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય ને અતીન્દ્રિય આનંદનો સ્વાનુભવ થાય. ૩૯૦.

*

જ્ઞાન ને વૈરાગ્યની અચિંત્ય શકિતથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. રાગથી ભિન્ન પડેલા જ્ઞાનથી ને રાગની વિરક્તિરૂપ વૈરાગ્યથી ધારાવાહી પુરુષાર્થ કર. યથાર્થ દૃષ્ટિ કરી ઉપર આવી જા એટલે કે રાગથી ભિન્ન પડી જા. પ્રભુ તારી ભૂમિકામાં તો અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ પાકે એવો તું છો. પુણ્ય-પાપનો કૂવો એ તો ઝેરી ગેસવાળો છે. તેને જોવા જતાં આત્મા મરી જાય છે ને બાજુમાં ચૈતન્ય કૂવો છે તેને જોવા જાય છે ત્યાં ક્રમે ક્રમે કર્મો નાશ પામે છે. સંસાર મરી જાય છે, ને જીવ જીવતો થાય છે. ૩૯૧.

*

પ્રશ્ન :- તત્ત્વનો નિર્ણય કરવામાં કેટલા વર્ષ કાઢવા?

ઉત્તર :- કાર્ય થઈ જાય તો અંતર્મુહૂર્તમાં થાય અને નહીં તો જાવજીવ ( -આજીવન) એ નિર્ણય કરવામાં કાળ જાય. આમાં કાળનો પ્રશ્ન જ ક્યાં છે? જેટલું વીર્ય ઉલટામાં રોક્યું છે તેને ગુલાંટ મારીને આ તરફ વાળે તો કાર્ય થયા વિના રહે જ નહીં. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ આપતો નથી ત્યાં સુધી કાર્ય આવતું નથી. ૩૯૨.

*

પ્રશ્ન :- આત્માની રુચિ હોય ને અહીં સમ્યક્દર્શન ન થાય તો બીજા ભવમાં થાય?

ઉત્તર :- આત્માની સાચી રુચિ હોય તેને સમ્યગ્દર્શન થાય, થાય ને થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ હોય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણકાળમાં બને જ નહીં. વીર્યમાં હીણપ ન આવવી જોઈએ. વીર્યમાં ઉત્સાહ ને નિઃશંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ-એમ એના નિર્ણયમાં આવવું જોઈએ. ૩૯૩.

*

જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઉતરી જાય છે. એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે મારે આમ છે ને તેમ છે - તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને! ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી. ૩૯૪.

*

અહો! આ આત્મતત્ત્વ તો ગહન છે, એને આંખો મીંચીને, બહારના પાંચે ઈન્દ્રિયનો વેપાર બંધ કરીને, મનના સંબંધથી વિચાર કરે કે અહો! આ આત્મવસ્તુ અચિંત્ય છે. જ્ઞાયક...જ્ઞાયક... જ્ઞાયક જ છે-એવો વિકલ્પથી નિર્ણય કરે છે તે હજુ પરોક્ષ નિર્ણય છે. પરોક્ષ એટલે પ્રત્યક્ષ સ્વાનુભવ નથી થયો માટે તેને પરોક્ષ કહ્યો. મનથી બહારનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય અને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે. આમાં કાંઈ મૂંઝાવા જેવું નથી. સ્વભાવનો આશ્રય તો મૂંઝવણને ટાળી નાખે છે. અત્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા છે. તેને તો મનથી પણ સાચો નિર્ણય કરવાનો વખત નથી. ૩૯૫.

*

આહાહા! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે. ક્યાં શરીર ને ક્યાં આત્મા! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહા! આવો દુર્લભ મનુષ્ય દેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહાભાગ્યે મળ્યો છે તેને મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઈન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે એવા સ્વભાવનો મહિમા આવે (ઓળખાણ થતાં) એને અંદર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહિ. ૩૯૬.

*

પ્રશ્ન :- પહેલાં અશુભરાગ ટાળે ને શુભરાગ કરે તો પછી શુદ્ધભાવ થાય તેવો ક્રમ તો છે ને?

ઉત્તર :- એ ક્રમ જ નથી. પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ કરે છે પછી એકદમ શુભરાગ ટાળી શકતો નથી. તેથી પહેલાં અશુભરાગ ટાળીને શુભરાગ આવે છે. એ સાધકના ક્રમની વાત છે. ૩૯૭.

*

પ્રશ્ન :- તો અજ્ઞાનીને શું કરવું?

ઉત્તર :- અજ્ઞાનીને પહેલાં વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન કરીને આત્માનું ભાન કરવું. એ સમ્યગ્દર્શન પામવાનો સાચો ઉપાય છે. શુભરાગના ક્રિયાકાંડ કરવા તે સાચો ઉપાય નથી. ૩૯૮.


*

# સંગનો વિવેક

બહેનશ્રીનાં વચનામૃત, બોલ-૨૨૯ પર પ્રવચન
તા. ૨૫-૧૧-૧૯૮૭, પ્રવચન નં.-૧૮૪

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(ગતાંક થી આગળ... )



હવે કહે છે કે *'તારે શુદ્ધિ વધારવી હોય, દુઃખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે.'* અસંગપણે કોઈના સંગ વિના એકલું રહેવાનું તારાથી ન બની શકતું હોય અને તારું ધ્યેય, તારું પ્રયોજન શુદ્ધિ વધારવાનું હોય અને આ સંસારના ત્રાસથી છૂટવાની તારી ભાવના હોય તો વાત છે. એટલી શરત મૂકી છે, કે એ પ્રકારે તને ત્રાસ લાગે છે? અને અશુદ્ધિથી છૂટીને શુદ્ધિમાં જવું છે તારે? તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે. અધિક ગુણવાળા કદાચ તને ન મળે તોપણ સરખા ગુણવાળાના સંગમાં વસજે. પણ અવગુણવાળાના સંગમાં વસતો નહીં. અમારા સગા થાય છે કે અમારા નજીકમાં પાડોશમાં રહે છે એટલે એનો સંગ વધારે સુલભ બને છે, એ રીતે પણ સંગની બાબતની અંદર બેદરકાર રહેવા જેવું નથી.

મુમુક્ષુને તો બહુ ઉપયોગી અમૂલ્ય માર્ગદર્શન છે આ વિષયનું. કેમકે એક તો મુમુક્ષુની દશા ઘણી નબળી છે. શક્તિ હજી પોતાની પ્રગટ નથી કરી શક્યો એટલે ઘણી નબળી સ્થિતિ છે. એ નબળી દશામાં નબળાઈમાં ને નબળાઈમાં વધુ નબળાઈ આવે એવા કારણને સેવે તો એને નીચે જતા વાર લાગતી નથી. એટલે બહુ સુંદર માર્ગદર્શન આપ્યું છે કે કાં અધિક ગુણવાળાના સંગમાં વસજે અને કાં સરખા ગુણવાળાના. તને એમ લાગે કે આ બરાબર છે, મારાથી ઉતરે એમ નથી પણ કાંઈક સંગમાં રહેતા વિશેષ વિચારોની આપ-લે થાય છે અને એ દૃષ્ટિએ પણ અનેક પડખાથી સમજવાનું કારણ બને છે, બોધ લેવાનું કારણ બને છે, પોતાને સુધરવાનું કારણ બને છે, એવી એને અંદરમાં તપાસ અથવા જાણકારી હોવી જોઈએ. જે સંગમાં એ વસતો હોય એને એ સંગની જાણકારી હોવી જોઈએ, ખ્યાલ હોવો જોઈએ.

*'લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે.'* લૌકિક જનોનો સંગ કરીશ તો તને તારો

પુરુષાર્થ ઉગ્ર થવાનું કોઈ એ નિમિત્ત તો છે નહીં. એમાં તો એની વાતો ને એનો પ્રકાર ને એના પરિણામના બધા એવા પ્રકાર હશે કે એમાં કોઈ તારા આત્મિક પુરુષાર્થને કોઈ નિમિત્ત થાય એવું તો કારણ બનવાનું નથી. લૌકિક સંગમાં તો જગતના જીવોને પાંચ ઇન્દ્રિયના વિષયોનો રસ તીવ્ર છે. જેને જે વિષય પ્રિય છે એ વિષયની મહત્તા કર્યા વિના રહેશે નહીં. છેવટે કાંઈ નહીં તો પૈસાની મહત્તા કર્યા વિના રહેશે નહીં. જુઓ! 'અમેરિકા'ની અંદર આટલા આટલા પૈસાવાળા માણસો હોય છે, 'અમેરિકા'ની અંદર આમ હોય છે, 'જાપાન'ની અંદર આમ હોય છે, ફલાણું આમ હોય છે, આમ હોય છે (એમ) એની પ્રશંસા, એની મહિમા, એની વાતો એ જ બધું એની પાસેથી મળશે.

મુમુક્ષુ : લૌકિક સંગ એટલે?

પૂજ્ય ભાઈશ્રી : લૌકિક સંગની અંદર એક તો જે મુમુક્ષુ નથી એવા જીવોનો બહુ સંગ ન કરવો. એક પ્રશ્ન એ છે. કામ પડે, જરૂર પડે એ કામ પૂરતી વાત પતી ગઈ. પણ એના સંગમાં રહેવું અથવા એની સાથે રહેવાનો રસ રહેવો એ નુકસાનનું કારણ થશે. મુમુક્ષુ મુમુક્ષુમાં પણ (એ ધ્યાન રાખવાનું છે). કેમ કે નીચે એક line દોરી મૂકી છે કે બધાની ભૂમિકા પ્રમાણે એણે વિવેક કરવાનો છે. (એટલે) મુમુક્ષુ મુમુક્ષુમાં પણ પોતાના બરાબરના હોય, પોતાથી વિશેષ ગુણવાન હોય તો એનો સંગ કરવાનું રાખવું જોઈએ. એ વિવેક છે. પોતાથી નીચેવાળાની પ્રીતિ અને સંગ કરે તો એ અવિવેક છે. એ સંગ નથી પણ અવિવેક છે.

આમ તો અસંગપણાની ભાવના જ મુમુક્ષુને હોય છે અને અસંગતત્ત્વ પ્રત્યે એને જવું છે એટલે સંગ કરવાનો વિકલ્પ છે એ તો એને ગુણવાનનો જ સંગ કરવાનો વિકલ્પ આવે. આવા અસંગ તત્ત્વની પ્રીતિવાળા, રસવાળા, રુચિવાળા જીવો હોય તો એ મારી રુચિનું, મારા રસના પોષણનું નિમિત્ત બને. એને એવો જ ભાવ, એવો જ વિકલ્પ આવે, એવો જ રસ આવે, એવો જ ભાવ આવે. એવો ભાવ ન આવે અને બીજા બીજાના સંગની અપેક્ષા રહ્યા કરે અને એમાં એને રસ આવે તો એને જે પુરુષાર્થ જાગ્રત કરવો છે એ પુરુષાર્થ જાગ્રત નહીં થઈ શકે. જો મુમુક્ષુને કદાચ જાગ્રત થોડો ઘણો થયો હશે તો ઊલટાનો એ મંદ પડશે. તીવ્ર તો નહીં થાય પણ એ મંદ પડશે ઊલટાનો, આ પરિસ્થિતિ ઊભી થાશે.

પ્રશ્ન : વિશેષ ગુણવાન એટલે?

સમાધાન : વિશેષ ગુણવાળા એટલે જો જ્ઞાની મળે તો એના જેવું એક્કેય નથી. જ્ઞાની ગુણવાન છે. જ્ઞાની ન મળે તોપણ એને મુમુક્ષુમાં પણ પોતાથી વિશેષ કોણ છે એ વાત એને સમજવી પડે છે, એ એણે પોતે નક્કી કરવી પડે છે, અને એ નક્કી કરીને એના સંગમાં જવું, સંગ રાખવો તો એનો રાખવો, નહીંતર કોઈનો ન રાખવો એમ. સંગ રાખવો તો (એનો રાખવો).

પ્રશ્ન : કોઈ ત્યાગી, ક્ષયોપશમવાળો હોય તો?

સમાધાન : નહીં, એ પ્રશ્ન નથી. ગુણની વાત લીધી છે. અહીંયાં ત્યાગ અને ક્ષયોપશમ બે વાત નથી. બેમાંથી એક્કેય શબ્દની વાત નથી. સરળતા આદિ ગુણ હોય, આત્માનો રસ હોય, આત્મપ્રાપ્તિની

ભાવનાવાળો હોય અને આત્મપ્રાપ્તિની દિશામાં જે આગળ વધવાના પુરુષાર્થની તૈયારીવાળો હોય. ટૂંકામાં કહીએ તો પાત્રતાવાળો હોય.

પ્રશ્ન : સામાન્ય રીતે મુમુક્ષુ હોય એટલે સંગ કરવા જઈએ પણ એ ગુણવાન હોય કે નહિ...

સમાધાન : સામાન્ય રીતે એવું બને છે. પણ એવું નથી કે વાંચનકાર હોય એટલે આગળ હોય અને સાંભળનારો હોય એટલે આગળ ન હોય, એવું તો કાંઈ નથી.

મુમુક્ષુ : ઘણા એવા શાંત હોય કે ખબર પણ ન પડે કે કેવા ગુણવાન છે.

પૂજ્ય ભાઈશ્રી : પણ આમાં એવું છે ભાઈ! એમાં એવું છે કે જેની નજર એ વાત ઉપર છે, એ વિષય ઉપર છે, જેની શોધ એના ઉપર છે, કે મારે જો સંગમાં રહેવું છે તો કોઈ પાત્રતાવાળો મળે એના સંગમાં રહેવું છે, નહીંતર એકલા રહેવું છે. અને એકલા ન રહેવાય તો આવો કોઈ સંગ શોધવો છે પણ ગમે તેના સંગમાં તો નથી રહેવું. એવો કોઈ એને વિચારપૂર્વક અભિપ્રાયપૂર્વક એનો નિર્ણય હોવો જોઈએ અને એ અનુસાર એની પ્રવૃત્તિ હોવી જોઈએ. નહીંતર લાભ ન થાય પણ અવશ્ય નુકસાન થાય, થાય ને થાય જ. સત્સંગમાં જાય અને પોતાની તૈયારી ન હોય તો કદાચ લાભ ન થાય અને સત્સંગ નિષ્ફળ જાય પણ કુસંગમાં જાય તો કુસંગના છાંટા ઊડ્યા વિના રહે નહીં. આ નિયમ છે. કેમ કે એ બાજુ તો જવું સહેલું છે, લપસવું સહેલું છે, નીચે ઊતરવું સહેલું છે, ઉપર ચડવામાં પસીનો પડે એવું છે. ઉપર ચડવામાં શક્તિનો ઉપયોગ છે, નીચે ઊતરવામાં શક્તિનો ઉપયોગ નથી. સહેજે સહેજે પરિણામ નીચે ચાલ્યા જાય. એટલે એક વિવેક વિચાર કરવાનો વિષય છે આ. મહત્વનું માર્ગદર્શન છે આ.

મુમુક્ષુ : જોવામાં એવું આવે છે કે કોઈ પાત્ર જીવ હોય પણ...

પૂજ્ય ભાઈશ્રી : હા, હોઈ શકે છે. હા, એનો કાંઈ નિષેધ ન કરી શકાય. નકાર કરી શકાય એવું નથી. ભલે વાંચનકાર ન હોય અને ..

મુમુક્ષુ : પાછળ પાંચ-છ જણના ટોળા ફરતા હોય પણ કાંઈ હોય નહિ...

પૂજ્ય ભાઈશ્રી : હા, પણ એ તો શોધ કરવાનો વિષય થઈ ગયો ને. સામાન્ય બુદ્ધિમાં તો શું છે કે કાં તો ક્ષયોપશમ પાછળનું આકર્ષણ થાય કાં ત્યાગ પાછળનું આકર્ષણ થાય. બે બાહ્ય ચિહ્ન છે ધર્મના ક્ષેત્રમાં આકર્ષિત થઈને અથવા ભુલાવામાં પડવાના પણ આ બે બાહ્ય ચિહ્ન છે. પણ જેને આત્મહિત કરવું છે, શુદ્ધિમાં વૃદ્ધિ કરવી છે, અંતરંગ શુદ્ધિમાં વૃદ્ધિ કરવી છે એ જીવની થોડી વિચક્ષણતા છે. એ વિચક્ષણ જીવ છે.

મુમુક્ષુ : ઘણા બુદ્ધિવાળા ભુલાવામાં પડી શકે છે.

પૂજ્ય ભાઈશ્રી : હા, પડી શકે છે. પણ એને વિચક્ષણતા શું કહેવી? જેને પોતાના હિત-અહિતના વિષયની અંદર ખ્યાલ ન પડ્યો એને એની વિચક્ષણતા શું કહેવી? ભલે બુદ્ધિ ગમે તેટલી હોય. એની શું વિચક્ષણતા કહેવી? આ માર્ગની ને આ **line**ની વિચક્ષણતા તો ન જ ગણાય. ઉઘાડ

ભલે ગમે તેટલો હોય, ત્યાગ ભલે ગમે તેટલો હોય. પણ જે આ અંતરંગમાં શુદ્ધિ વધારવાની line છે એની વિચક્ષણતા બીજા પ્રકારની છે. અને એ કોઈ દેખાવ કરવાનો વિષય નથી. એ તો પોતાનો ગોળ પોતાને ચોરી ખાવાનો વિષય છે. આપણે સમજીએ છીએ કે અહીંથી આપણને લાભ છે. એના સંગમાં પોતાની પરિણતિ શું કામ કરે છે એના ઉપરથી એ સમજી લે છે. એના રસને કેવી રીતે પકડે છે? કે અહીંયાં પોતાનો રસ ઊભો થાય છે સામે. તરત ખબર પડે એવું છે. એ વિષયની અંદર જાગ્રત હોય તો એને લાઈટ થાય એવો વિષય છે, ન થાય એવું નથી કાંઈ. પણ એ વિષયની અંદર પોતે જાગ્રત હોવો જોઈએ, એમ. પણ વિષય બહુ ગંભીર છે.

જે અહીંયાં વાત લીધી એની કિંમત ઘણી છે, વિષય ઘણો ગંભીર છે કે જેના તેના, ગમે તેના સંગમાં રહેવા જેવું નથી. તું લાભ ન લે તો એક વાત છે પણ નુકસાનનો ધંધો કરે ઈ તો થવું જ ન જોઈએ. જેમ માણસ વેપાર કરે તો કહે, ભાઈ! ન રળીએ તો કાંઈ નહીં, પણ મૂડી તો ઘટવી જ ન જોઈએ, મૂડીમાંથી તો જવું જ ન જોઈએ. આટલી તો જેમ ઓછામાં ઓછી જાગ્રતિ ને તકેદારી રાખે એવો આ વિષય છે. વાંચન ને પ્રવચન ચાલતું હોય ત્યાં તો સૈદ્ધાંતિક **general** વાત જ ચાલે ને. **general** વાત ચાલે.

મુમુક્ષુ : મુમુક્ષુને જ્ઞાનીના બહુમાનના ભાવ આવતા હોય અને તેનો જ સંગ કરવાનો ભાવ આવતો હોય...

પૂજ્ય ભાઈશ્રી : હા, સારી વાત છે. એ વાત સારી છે. એમાં શું છે કે એ જલદી બીજાના કુસંગે ન ચડી જાય. એ વિશેષ વાત છે. ઈ તો બચવાનું બહુ મોટું કારણ છે. સત્પુરુષ પ્રત્યે–વિદ્યમાન જ્ઞાની પ્રત્યેની અત્યંત અત્યંત ભક્તિ એ કુસંગથી બચવાનું બહુ મોટું સાધન છે એમ કહીએ તો ખોટું નથી. બહુ મોટું સાધન છે. અને પોતાના સ્વરૂપ પ્રત્યે જવાનું પણ એક બહુ મોટું સાધન છે. અને બહુ અઘરું નથી, એવું કઠિન નથી એવું એ સાધન છે. સહેલું સાધન છે, સુગમ સાધન છે. એટલી વિશિષ્ટતા જોઈને એ વિષય ઉપર જરા વજન વધારે આપવામાં આવ્યું છે.

અહીં તો પહેલી વાત એ લીધી છે–નુકસાનની અને બીજી લાભની વાત લીધી છે. બન્ને પ્રતિપક્ષની વાત આ **paragraph**માં લઈ લીધી છે કે *'લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે.'*

પ્રશ્ન : મુનિ લીધા છે એ ભાવલિંગી સંત લીધા છે?

સમાધાન : સ્વરૂપમાં ઝુલતા મુનિ હોય ને. મુનિઓને સંયમ, નિયમ અને તપ બધામાં આત્મા જ સમીપ હોય. ભાવલિંગી હોય એને જ આત્મા સમીપ હોય.

પ્રશ્ન : એમને લૌકિક સંગ ક્યાં હોય?

સમાધાન : એમાં એવું છે કે એને તો લૌકિક જનનો સંગ નથી, મુનિને તો લૌકિક જનનો સંગ નથી. એને તો દ્રવ્યલિંગીના સંગનો પણ નિષેધ છે. મુનિઓ ને મુનિઓમાં એને દ્રવ્યલિંગી (મુનિના સંગનો નિષેધ છે). એટલે બીજું જે વચન છે એ મુનિને અનુસરીને નથી કહ્યું. મુનિનું દૃષ્ટાંત દીધું છે

પછી સિદ્ધાંત શરૂ કરી દીધો છે કે હવે તું તારામાં જો કે જો મુનિને આત્મા સમીપ રહે છે. તો સમીપ રાખવા જેવો તો એક પોતાનું અસંગતત્ત્વ આત્મા જ છે. સમીપમાં, કોની સમીપમાં રહેવા જેવું છે? કે પોતાના અસંગ તત્ત્વની સમીપમાં રહેવા જેવું છે. પોતાના સ્વભાવની સમીપમાં રહેવા જેવું છે, બીજા કોઈની સમીપમાં રહેવા જેવું નથી. કેમ? કે શ્રીગુરુ પોતે એમ જ રહે છે. એમનું જે બાહ્ય પ્રવર્તન છે એ પણ એનો જ બોધ આપે છે કે કેવી રીતે રહેવું! એ દૃષ્ટાંતમાં વાત લીધી છે. હવે જો તું પોતે આત્માની સાધના કરવા નીકળ્યો હોય તો કોઈ લૌકિક જનોનો પરિચય તારે શા માટે રાખવો જોઈએ?

એક દૃષ્ટાંત લઈએ કે કોઈ જીવે **line** બદલી અને આ અધ્યાત્મ-વિષયમાં પ્રવેશ કર્યો, પાત્રતામાં આવ્યો, મુમુક્ષુતામાં આવ્યો કોઈ જીવ. એ પહેલા જોઈએ તો એનો પરિચય જે જે લોકો સાથે હોય છે, જેવા જેવા લોકો સાથે હોય છે, એની મિત્રાચારી હોય કોઈપણ પ્રકારનો ઊઠ-બેઠનો સંબંધ હોય એ બધામાં ફેર પડ્યા વિના રહે નહીં. પહેલું વિચારમાં એ આવે કે મિત્ર તો એને કહેવાય કે જે સમ વિચારનો ધારક હોય તે. સરખા વિચારનો ધારક હોય તે. એ તપાસી લે કે આ જે મારો અત્યાર સુધીનો પરિચય અને સંગ છે એ તો બધા કોઈ આ બાજુ વળે એવું લાગતું નથી કે આ બાજુ વળવાના કોઈ ચિત્ત ઈચ્છુક હોય એવું લાગતું નથી. આપોઆપ એને એનો પરિચય ને એનો સંગ છે એ કાં તો ઘટી જાય છે અને કાં તો તૂટી જાય છે. આ ફેરફાર જોવામાં આવે છે.

હવે જે મુમુક્ષુ છે એને તો એમ કહે છે કે જે હજી પ્રવેશ કરે ઈ આ ફેરફાર કરે છે તો જે એ ક્ષેત્રમાં, એ મુમુક્ષુઓની મધ્યમાં-વચમાં રહ્યો છે એને લૌકિક જનનો પરિચય કરવાનો ક્યાં પ્રસંગ રહ્યો? એને તો લૌકિક જનનો પરિચય કરવા જેવો નથી. એને લૌકિક જનો સાથે કોઈ કારણસર હળવા મળવાનું થાય તોપણ એને એમાં રસ આવતો નથી. ગમે તે મળવા આવે ને એની સાથે કલાકો સુધી વાતો કર્યા કરે ને બેસે ને જગતના સમાચારો ને ઢગલાબંધ બનાવો બને છે. એના સાધનો જાણવાના છે. બન્ને જાણતા હોય તો એની ચર્ચા જ કરે, ઓલાને પણ ખબર હોય. એણે પણ છાપું વાંચ્યું હોય આણે પણ છાપું વાંચ્યું હોય, એણે ટી.વી. જોયું હોય, આણે ટી.વી જોયું હોય તોપણ એની ચર્ચા કરે. કેમકે એનો એને રસ છે. કોઈ બજારનો જે પોતાને ધંધો વેપાર હોય એને લગતો હોય તો એની ચર્ચામાં ચડી જાય. કોઈ સમાજને લગતો આવ્યો હોય તો એની ચર્ચામાં ચડી જાય. રાજકથા ને બધી જે વિકથા જેને કહે છે ચારેય પ્રકારની, ઈ ચારેય પ્રકારમાંથી કોઈ ને કોઈ પ્રકારનો જેનો રસ હોય એની કથાના રસમાં ચડી જાય, એ લૌકિક જનોનો સંગ થઈ ગયો. ભલે મુમુક્ષુ કહેવાતા હોય ને વિકથા ઉપર ચડી જતા હોય તો ઈ લૌકિક જન થઈ ગયું એમાં, પછી કાંઈ નામ મુમુક્ષુ છે એટલે એથી કાંઈ મુમુક્ષુ થઈ જવાતું નથી.

વિકથાનો એને રસ હોવો જોઈએ નહીં. પોતાને રસ નહીં હોવો જોઈએ. બીજો રસ લઈને વાત કરે તો એને ઉપેક્ષા થાય. પેલાને વાત કરનારને એમ ખ્યાલ આવે કે હું વાત કરું છું પણ આને રસ

પડતો નથી. એટલે એનો રસ લંબાવાનું કારણ બનતું નથી. **automatic** ઈ વાત પૂરી કરે ને ન પૂરી કરે તો એને નમ્રતાથી, શાંતિથી કહેવું પડે કે, ઠીક છે આપણને કાંઈ એમાં બહુ રસ નથી, ઠીક છે તમે વાત કરી પણ મને કાંઈ એમાં બહુ રસ નથી. એવું બધું તો ચાલ્યા જ કરતું હોય જગતમાં. જગત તો એમ જ અનાદિથી ચાલતું આવ્યું છે ને અનાદિથી ચાલવાનું જ છે અનંતકાળ પર્યંત. એ તો બધું એમ જ હોય. આપણે એ કોઈ કામની ચીજ નથી. એ રીતે પોતે એ રસથી દૂર રહેવું, સંગ તો નિમિત્ત છે પણ મૂળ તો એ રસથી પોતે દૂર રહેવું. આમાંથી કહેવાનું પ્રયોજન તો એ છે.

હવે તું પોતે સંગ કરવા જઈશ (અને) તને રસ આવશે, તને રુચિ થશે, તને પ્રેમ આવશે, તને લૌકિક જનનો સંગ કરવાનો સામેથી વિકલ્પ આવ્યા કરશે તો તારો પુરુષાર્થ અવશ્ય મંદ પડી જશે. તારો પુરુષાર્થ કાં તો ઉત્પન્ન નહીં થાય, જાગ્રતિ આવી હશે તો ચાલી જશે. 'શ્રીમદ્જી' ત્યાં સુધી લખે છે કે દીર્ઘકાળ સુધી ઉપાસેલો સત્સંગ, જ્ઞાનીના સંગમાં દીર્ઘકાળ પર્યંત રહ્યો હોય (અને) અલ્પકાળના કુસંગમાં એ બધું ધોવાઈ જતા વાર લાગતી નથી. રંગરાગવાળા લૌકિક જનોના સંગમાં પોતે પણ જરાક રસ લઈ લે અથવા પંચેન્દ્રિયના વિષયમાં પોતે પણ રસ લઈ લે તો એનો વૈરાગ્ય ધોવાઈ જતા વાર લાગતી નથી. દીર્ઘકાળ સુધી એ સત્સંગમાં રહ્યો હોય, વૈરાગ્યમાં રહ્યો હોય, સત્સંગમાં રહ્યો હોય. એને ધોવાઈ જતા વાર લાગતી નથી.

પ્રશ્ન : એમ સમજવું કે એને પાયો કાચો છે?

સમાધાન : પાયા જરૂર કાચો, પાયો જરૂર કાચો. અને સામાન્ય રીતે તો મુમુક્ષુની સ્થિતિ ઘણી નબળી છે. મુમુક્ષુતા એટલે બહુ નબળી સ્થિતિ છે. જેમ કોઈ બાળક ઊભો થઈને ચાલતા શીખતો હોય તો ક્યારેક લથડિયું ખાઈ જાય, માંડ માંડ પગલું ભરી શકે એવી નબળી સ્થિતિ જેવી સ્થિતિ છે. મુમુક્ષુની સ્થિતિ કાંઈ બળવાન સ્થિતિ નથી એટલે એમાં સાવધાની વિશેષ રાખવાનો વિશેષપણે બોધ છે, ઉપદેશ છે.

*

(પ્રવચનનો શેષ ભાગ આવતા અંકે... )

---

## આભાર


'સ્વાનુભૂતિપ્રકાશ' (જૂન–૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ

**ડૉ. ગીતાબહેન મહેશભાઈ મહેતા તથા**

**ડૉ. મહેશભાઈ જે. મહેતા, મુંબઈ**

તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને

આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



# 'આત્મિક સુખ'

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' – પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

**સુખનો** (અતીન્દ્રિય આનંદનો) **અનુભવ થયો... પછી કોઈને પૂછવું જ પડતું નથી; બીજા 'ના' કહે તો કહે, પોતાને તો પ્રત્યક્ષ સુખ આવી રહ્યું છે ને! ૩૪૪.**

*

**વીજળીનો કરંટ લાગતાં જ ભય લાગે છે અને તેનાથી હઠવા ઈચ્છીએ છીએ. પરંતુ ત્રિકાળી સ્વભાવમાં પ્રવેશ કરતાં જ એવા આનંદની સનસનાટી થાય છે કે તે આનંદથી ક્ષણ પણ હઠવા ચાહતા નથી. ૩૭૧.**

*

**ધ્રુવ ગુફાની અંદર ચાલ્યા જાઓ – ત્યાં આનંદ અને સુખનાં નિધાન ભર્યાં છે. તેને નિત્ય ભોગવો! ૩૭૯.**

*

**વિકલ્પ દુઃખરૂપ લાગવો તે પણ નાસ્તિ છે. અસ્તિમાં તો 'હું સુખથી ભરપૂર છું, સુખની ખાણ છું.' ૪૧૭.**

*

**સહજ સુખ** (બીજા) **બધાનો સહજ જ નિષેધ કરે છે. ૪૪૫.**

*

**આત્માના એક–એક પ્રદેશમાં અનંત–અનંત સુખ ભર્યું છે – એ રીતે અસંખ્ય પ્રદેશો સુખથી જ ભરપૂર છે; ગમે તેટલું સુખ પી લો! ક્યારે પણ ખૂટશે જ નહિ. સદાય સુખ પીતા જ રહો, તોપણ ઓછું નહિ થાય. ૪૫૩.**

*

**યથાર્થ નિશ્ચયમાં સુખ પ્રગટ થાય છે. ૬૦૪.**

*

(મૂલતઃ) **'વર્તમાનમાં જ પૂર્ણ છું,'** (પર્યાયમાં પણ) **પ્રયોજન સુખનું છે, જ્ઞાનનું નથી.**

**– દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ – ૫૯૨**

# પરરુચિનો દંડ ભોગવવો જ પડશે !!

– સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



પ્રશ્ન : બીજા પદાર્થો ઉપર પરિણામ ગયા જ કરે, ગયા જ કરે છે તો શું કરવું ?

સમાધાન : પોતે એટલો રસ લીધો છે, પોતે એટલી વિરાધના પોતાના સ્વરૂપની કરી છે. પોતે એટલી જ પરપદાર્થને કિંમત અને મહિમા આપી દીધી છે અને એ મહિમા આપીને રસ લીધો છે તો એનો દંડ પણ ભોગવવો, અવશ્ય ભોગવવો પડે જ. રુચિએ કરીને પરદ્રવ્ય સેવે એને સંસારદુઃખ ન થાય એવું કદી બને નહીં. આ સિદ્ધાંત છે! ન બને એવું ન થાય! એવું બને જ, થાય ને થાય જ એને. એ જીવ દુઃખી થાય, થાય ને થાય જ. ન થાય એવું ન બને. માટે અન્ય પદાર્થ ઉપર પરિણામ જાય ત્યારે પણ અરુચિના પરિણામ થાય, નિષેધના પરિણામ થાય તો તે યોગ્ય છે. ન થાય તો તે અયોગ્ય છે, તે અનર્થ છે, આત્માને અવશ્ય નુકસાનનું ને દુઃખનું એ બીજ છે, કારણ છે.

*

(પ્રવચનાંશ.. 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧૩૬, તા. ૧૯-૦૬-૮૭, પ્રવચન નં-૧૦૫, 'અધ્યાત્મ સુધા' ભાગ-૪, પાનું -૧૮૯)

---


(પાના નં ૦૨ થી આગળ... )

તને તારી આત્મપ્રાપ્તિ, સ્વાનુભવની જરૂર કેટલી? કે એના વગર તારું જીવન ચાલે છે એમાં વાંધો આવતો નથી અને ચાલે છે એમ છે. જો કદી તારો એ અભિપ્રાય છે કે, ના! ના! સ્વાનુભવ વિના પણ ચાલે છે, ખાઈએ, પીએ છીએ અને લહેરથી ઊંઘ પણ આવે છે, ખાધું પચે છે અને ઊંઘ આવે છે, બીજી કોઈ ખાસ ઉપાધિ નથી, નાની મોટી તો સૌને થોડીઝાઝી હોય એમાં આપણને હોય તો કાંઈ ગૌણ છે. પણ એકંદરે વાંધો નથી, ચાલે છે. તો જેને ચાલે છે એને કદી પ્રાપ્ત થવાનો અવસર નથી. નહીં ચાલે એવી જેને જરૂર ઊભી થાય છે એ ખરેખર પુરુષાર્થમાં જોડાય છે. એ પુરુષાર્થમાં જોડાય છે, એ પુરુષાર્થમાં પોતાના પરિણામને યોજે છે અને એનું કાર્ય થાય છે બાકી ચાલે છે એનું કાર્ય કદી થતું નથી. એ તપાસી લેવું કે તારે ચાલે છે કે તારે નથી ચાલે એવું? બસ! આટલી વાત છે. ચાલે છે તો તેં વાતને એકકોર અભેરાઈએ ચડાવી દીધી છે. પુરુષાર્થ શરૂ થવાનો કોઈ અવસર ને કોઈ પ્રસંગ નથી.

*

(પ્રવચનાંશ.. 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧૬૪, તા. ૧૭-૦૭-૮૭, પ્રવચન નં-૧૨૬, 'અધ્યાત્મ સુધા' ભાગ-૪, પાનું -૫૪૪-૫૪૫)

# આત્માર્થીનું ધ્યેય શું હોવું જોઈએ?



તત્ત્વચર્ચા મંગલવાણી–સીડી–૧૫–C

– પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

પ્રશ્ન :– આ સમાધાન તો જેઓને સાધક ભૂમિકા પ્રાપ્ત થઈ છે તેઓને માટે થયું. જે સાધક ભૂમિકાને પહોંચ્યા નથી તેના માટે શું કરવું?

ઉત્તર :– તેણે એનો અભ્યાસ કરવો. સાધકદશાને નથી પહોંચ્યા એનો એણે અભ્યાસ કરવો. એને આ બધાને જાણવા માટે છે કે આશ્રય લેવાય તો જ આત્માનું સમ્યગ્દર્શન થાય. એમ જે જાણે અને તો જ આશ્રય કરે તો જ સ્વાનુભૂતિ થાય. એમ જો એના જ્ઞાનમાં આવે તો એ જાતનું એ નક્કી કરીને એ જાતનો પ્રયત્ન કરે કે આત્માના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે. બીજી કોઈ રીતે થતું નથી. માટે આત્માનો આશ્રય કેમ લેવાય? એનો પ્રયત્ન કરે, એના વિચારો કરે, એ જાતનો વૈરાગ્ય લાવે, એ જાતની મહિમા લાવે, બધું કરે, તત્ત્વના વિચાર કરીને આત્માનો આશ્રય કેમ પ્રગટ થાય? એની જિજ્ઞાસા એ બધી તૈયારી કરે એનો અભ્યાસ કરે. ભૂમિકાવાળાને માટે એ છે. અને જેને પ્રગટ થાય તે કેવી રીતે પ્રગટ થાય છે? અને એને શું સ્વાનુભૂતિ હોય? તો એ જાણે પોતે, એની મહિમા લાવે, અને એના માર્ગે પોતે જવાનો પ્રયત્ન કરે. એના માટે એ છે. એ જાતની પોતે વિભાવથી છૂટો પડે, વૈરાગ્ય લાવે, વિચાર કરે, તત્ત્વનો નિર્ણય કરે, દ્રવ્ય–ગુણ–પર્યાયનો વિચાર કરે અને આત્માનું આલંબન લે કે દ્રવ્ય મુખ્ય છે અને પર્યાય એની સાથે પરિણતિ પર્યાય પ્રગટ થાય છે. એ પર્યાયનું વેદન થાય છે અને દ્રવ્યનો આશ્રય રહે છે. એમ પોતે વિચાર કરીને નક્કી કરે પછી તે રૂપે પુરુષાર્થ કરે.

પ્રશ્ન :– સાધકભૂમિકાના વિશેષ ગુણ છે એના માટે અને સાધકો માટે માર્ગ એક જ છે?

ઉત્તર :– એક જ માર્ગ છે. સાધકને માટે અને જિજ્ઞાસાને માટે એક જ માર્ગ છે. એને એ ધ્યેય એક જ રાખવાનું છે જિજ્ઞાસુને પણ. આત્માર્થીને ધ્યેય એક જ હોવું જોઈએ કે કેવી રીતે સમ્યગ્દર્શન પ્રગટ થાય? અને સમ્યગ્દૃષ્ટિને આત્માનો આશ્રય હોય એવો આશ્રય મને કેમ પ્રગટ થાય? એવી જાતની એને ભાવના, જિજ્ઞાસા બધાને. એક જ માર્ગે જવાનું છે. જિજ્ઞાસુને પણ તે જ કરવાનું છે. કે ભવનો અભાવ કેમ થાય? સમ્યગ્દર્શન પ્રગટ કેમ થાય? એ બધું જિજ્ઞાસુઓને પણ તે કરવાનું છે. એના માટે એ ન થાય ત્યાં સુધી અશુભભાવથી બચવા માટે શુભભાવમાં દેવ–ગુરુ–શાસ્ત્ર એની મહિમા લાવે, શાસ્ત્રના વિચારો કરે. પણ ધ્યેય એક જ કે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? આત્માનો આશ્રય કેમ પ્રગટ થાય? ભવનો અભાવ કેમ થાય? ધ્યેય એક જ હોવું જોઈએ. એક શુભભાવ કરી અને પુણ્ય

બંધાય. એવો પુણ્યનો હેતુ એવો નહિ. પણ ભવનો અભાવ કેમ થાય? આત્માનો આશ્રય કેમ પ્રગટ થાય? શુદ્ધાત્મા કેમ પ્રગટ થાય? એવો હેતુ, ધ્યેય, જિજ્ઞાસુને પણ એમ જ હોવું જોઈએ.

પ્રશ્ન :- માતાજી! જ્ઞાન અને રાગને લક્ષણભેદે સર્વથા જુદા પાડો તો સર્વજ્ઞ સ્વભાવી શુદ્ધ જીવ લક્ષમાં આવી શકે. જ્ઞાન અને રાગના લક્ષણ જાણી જ્ઞાન તે ઉપાદેય અને રાગ હેય એમ નક્કી કરવા છતાં શુદ્ધ જીવ લક્ષમાં કેમ નથી આવતો?

ઉત્તર :- ઉપાદેય અને હેય બધું યથાર્થ હોય તો શુદ્ધ જીવ લક્ષમાં આવ્યા વગર રહેતો નથી. રાગ જુદો અને જ્ઞાનલક્ષણ જુદું. એ બે લક્ષણ જુદા પોતે ઓળખે તો એને સર્વજ્ઞસ્વભાવ આત્મા એને નક્કી થાય એ બરાબર છે. જે જાણનારો છે તે જ હું છું. જે જાણનારો હોય તે સ્વતઃસિદ્ધ જાણનારો છે. એ સ્વતઃ સિદ્ધ જાણનારો એને જ્ઞાનની કાંઈ મર્યાદા હોય નહિ. તે પૂરું જાણે. તે સર્વજ્ઞશક્તિથી ભરેલો આત્મા છે. એ પૂરું જાણે. દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ બધું જાણે. એમાં એને મર્યાદા ન હોય કે આટલું જાણે અને આટલું ન જાણે. એમાં કાળની મર્યાદા, ક્ષેત્રની કોઈ મર્યાદા હોય નહિ. એની ઉપર એક સમયમાં બધું જાણે. એવી જાતનો એનો જ્ઞાયક સ્વભાવ અનંત-અનંત જ્ઞાયક. જે સ્વતઃ જ્ઞાયક છે એમાં અનંતતા ભરેલી છે. એવો સર્વજ્ઞ સ્વભાવ આત્માનો છે. એ ન જાણે એવું જ્ઞાયક સ્વભાવમાં હોતું નથી. એ પણ નિર્ણય ક્યારે કરે? કે રાગથી હું જુદો, હું જ્ઞાયકસ્વભાવી છું. એવો જ્ઞાયકનો બરાબર એને યથાર્થ લક્ષણ ઓળખીને નિર્ણય કરે તો એવા સર્વજ્ઞ સ્વભાવની એને પ્રતીતિ થાય. (તત્વચર્ચાનો શેષ ભાગ આવતા અંકે... )

---

(પાના નં ૧૮ થી આગળ... )

કરવા જોગ કે આરાધવા જોગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જોગ છે, યાવત્ આરાધવા જોગ છે.

*


પત્રાંક-૪૦૪

મુંબઈ, ભાદરવા સુદ ૧૦, ગુરુ, ૧૯૪૮

સ્વસ્તિ શ્રી સ્તંભતીર્થ શુભસ્થાને સ્થિત, શુભવૃત્તિસંપન્ન મુમુક્ષુભાઈ કૃષ્ણદાસાદિ પ્રત્યે,

સંસારકાળથી તે અત્ર ક્ષણ સુધીમાં તમ પ્રત્યે કોઈ પણ પ્રકારનો અવિનય, અભક્તિ, અસત્કાર કે તેવા બીજા અન્ય પ્રકાર સંબંધી કોઈ પણ અપરાધ મન, વચન, કાયાના પરિણામથી થયો હોય તે સર્વ અત્યંત નમ્રપણે, તે સર્વ અપરાધોના અત્યંત લય પરિણામરૂપ આત્મસ્થિતિએ કરી હું સર્વ પ્રકારે કરી ક્ષમાવું છું; અને તે ક્ષમાવવાને યોગ્ય છું. તમને કોઈ પણ પ્રકારે તે અપરાધાદિનો અનુપયોગ હોય તોપણ અત્યંતપણે અમારી તેવી પૂર્વકાળ સંબંધીની કોઈ પ્રકારે પણ સંભાવના જાણી અત્યંતપણે ક્ષમા આપવા યોગ્ય આત્મસ્થિતિ કરવા અત્ર ક્ષણ લઘુત્વપણે વિનંતિ છે. અત્યારે એ જ.

*



- પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી **રાજહૃદય !!**

પત્રાંક-૪૦૨

મુંબઈ, ભાદરવા સુદ ૭, સોમ, ૧૯૪૮

ઉદય જોઈને ઉદાસપણું ભજશો નહીં.

સ્વસ્તિ શ્રી સાયલા શુભસ્થાને સ્થિત, મુમુક્ષુજનને પરમ હિતસ્વી, સર્વ જીવ પ્રત્યે પરમાર્થ કરુણાદ્રષ્ટિ છે જેની, એવા નિષ્કામ, ભક્તિમાન શ્રી સુભાગ્ય પ્રત્યે,

શ્રી 'મોહમયી' સ્થાનેથી............ના નિષ્કામ વિનયપૂર્વક યથાયોગ્ય પ્રાપ્ત થાય.

સંસાર ભજવાના આરંભકાળ(?)થી તે આજ દિન પર્યંત તમ પ્રત્યે જે કંઈ અવિનય, અભક્તિ અને અપરાધાદિ દોષ ઉપયોગપૂર્વક કે અનુપયોગે થયા હોય તે સર્વ અત્યંત નમ્રપણે ક્ષમાવું છું.

શ્રી તીર્થંકરે જેને મુખ્ય એવું ધર્મપર્વ ગણવાનું યોગ્ય ગણ્યું છે, એવી સંવત્સરી આ વર્ષ સંબંધી વ્યતીત થઈ. કોઈ પણ જીવ પ્રત્યે કોઈ પણ પ્રકારે કોઈ પણ કાળને વિષે અત્યંત અલ્પ પણ દોષ કરવો યોગ્ય નથી, એવી વાત જેને પરમોત્કૃષ્ટપણે નિર્ધાર થઈ છે, એવા આ ચિત્તને નમસ્કાર કરીએ છીએ, અને તે જ વાક્ય માત્ર સ્મરણયોગ્ય એવા તમને લખ્યું છે; કે જે વાક્ય નિઃશંકપણે તમે જાણો છો.

'રવિવારે તમને પત્ર લખીશ' એમ જણાવ્યું હતું તથાપિ તેમ થઈ શક્યું નથી, તે ક્ષમા કરવા જોગ છે. તમે વ્યવહારપ્રસંગની વિગત સંબંધી પત્ર લખ્યો હતો, તે વિગત ચિત્તમાં ઉતારવા અને વિચારવાની ઈચ્છા હતી, તથાપિ તે ચિત્તના આત્માકારપણાથી નિષ્ફળપણાને પ્રાપ્ત થઈ છેઃ અને અત્યારે કંઈ લખવું બનાવી શકાય એમ ભાસતું નથી, જે માટે અત્યંત નમ્રપણે ક્ષમા ઈચ્છી આ પત્ર પરિસમાપ્ત કરું છું.

સહજસ્વરૂપ

*

પત્રાંક-૪૦૩

મુંબઈ, ભાદરવા સુદ ૧૦, ગુરુ, ૧૯૪૮

જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર ધર્મના છે. આત્મા જે પ્રકારે અન્યભાવ પામે, તે પ્રકાર અન્યરૂપ છે; ધર્મરૂપ નથી. તમે હાલ જે નિષ્ઠા, વચનના શ્રવણ પછી, અંગીકૃત કરી છે તે નિષ્ઠા શ્રેયજોગ છે. દ્રઢ મુમુક્ષુને સત્સંગે તે નિષ્ઠાદિ અનુક્રમે વર્ધમાનપણાને પ્રાપ્ત થઈ આત્મસ્થિતિરૂપ થાય છે.

જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પનાપ્રાપ્ત અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન

(અનુસંધાન પાના નં ૧૭ પર.. )

# ‘સ્વાનુભૂતિપ્રકાશ’ પત્રિકા સંબંધિત અગત્યની સૂચના

જયજિનેન્દ્ર! આ સાથે જણાવવાનું કે ‘સ્વાનુભૂતિપ્રકાશ’ - આધ્યાત્મિક માસિક પત્રિકા હિંદી / ગુજરાતીમાં અમો છેલ્લા ૨૮ વર્ષથી આપને સ્વાધ્યાય હેતુ મોકલી રહ્યાં છીએ. હવે ઘણો લાંબો સમય થયો હોવાથી એડ્રેસ બદલાયા હોય, અથવા પત્રિકાનો સદઉપયોગ ન થતાં કોઈપણ પ્રકારની અશાતનાની સંભાવના હોવાથી ટ્રસ્ટ દ્વારા પત્રિકા હાલમાં પ્રાપ્ત કરી રહેલ બધા જ મુમુક્ષુઓએ નવેસરથી ફરજીયાત પોતાનું નામ તથા એડ્રેસનું **registration** કરવાનું રહેશે તેમ નક્કી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત આગામી ઑક્ટોબર-૨૦૨૬ સુધીની સમયમર્યાદામાં સર્વે મુમુક્ષુને આ પત્રિકા ત્યારબાદ ચાલુ રાખવા માટે નીચે દર્શાવેલ વિગત ભરી આ ફોર્મનો ફોટો પાડી અમારા વૉટ્સએપ નં.- ૯૪૦૮૩૦૩૧૫૨ ઉપર મોકલી આપવાનો રહેશે. નવેમ્બર-૨૦૨૬થી ફક્ત નવેસરથી **registered** થયેલ એડ્રેસ ઉપર જ આ પત્રિકા મોકલવામાં આવશે. જે મુમુક્ષુ **registration** નહિ કરાવે તેમને આ પત્રિકાની ઉપયોગિતા કે આવશ્યકતા નથી તેમ સમજી મોકલવાનું બંધ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેશોજી.

આપને ફિઝિકલ કૉપી કે **pdf** ફાઈલ કે બન્ને જોઈએ તો તે મુજબ નીચેના બોક્સમાં ટીક કરશોજી.

- મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

ફિઝિકલ કૉપી ☐ **pdf** ફાઈલ ☐

હાલનો રજી. નં :- ____________

નામ :- ______________________________

સરનામું :- ______________________________

______________________________

પિનકોડ:- ____________

મોબાઈલ નં:- ____________

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
Title Code : GUJGUJ07425
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

**સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913**

Printed Edition : **1180**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041